Seat No. ________________

# HU-1901010201020402

## First Year B. A. (Sem. II) Examination

**May - 2023**

## Gujarati : Paper-4 (Elective-1)

*(Gujarati Vyakaran, Sarjan, Lekhan-Kaushal-2)*

*(New Course)*

Time : **2:30** Hours / Total Marks : **70**

**સૂચના :** (1) આ પ્રશ્નપત્રના કુલ પાંચ પ્રશ્નોના જવાબ આપવાના છે.

(2) જમણી બાજુના આંક ગુણ દર્શાવે છે.

**1** નીચે આપેલ ગદ્યખંડનું વિવરણ કરો. **14**

કવિતામાં સત્ય અને આનંદનું હોવું અનિવાર્ય છે, એનો અર્થ એ નથી કે કવિતામાં સત્યને સ્થાન નથી. કવિતા પણ એની પોતાની રીતે આ જગત અને જીવનને વ્યાપી રહેલા સત્યનું જ આકલન કરે છે. કલા માત્ર કોઈ ઉચ્ચતર ઊર્ધ્વતર સત્યનો આવિષ્કાર કરવાનો પ્રયત્ન કરે છે. પણ એ એની વિશિષ્ટ રીતે કરે છે. તત્ત્વજ્ઞાન કે વિજ્ઞાન જે રીતે સત્યને પ્રગટ કરે છે તે રીત કવિતાની નથી. તત્ત્વજ્ઞાની અને વિજ્ઞાનીની રીત પૃથક્કરણની છે. એ બુદ્ધિથી વસ્તુનું સત્ય ગ્રહણ કરે છે ને બુદ્ધિથી સમજાય તે રીતે તેને પ્રગટ કરે છે. સત્યનો પરિચય કરાવવા માટે તેમને એમનાં સિદ્ધાંતસદને પહોંચવાનું પ્રત્યેક પગથિયું બતાવી ખાતરી કરાવવી પડે છે. કવિતામાં સત્યનું પ્રાકટ્ય આ રીતે થતું નથી. એમાં કવિને સત્ય ઓતપ્રોત છે. એમાં તમારી સમક્ષ હકીકતનો ખડકલો કરવામાં આવતો નથી. કવિતાનું સત્ય કેવળ બુદ્ધિથી ગ્રહણ કરવાનું હોતું નથી. એ જે આનંદ સર્જે છે તે આનંદમાંથી સત્યનું સહજ જ્ઞાન આપણને થઈ જાય છે.

**- જયંત પાઠક**

**અથવા**

**1** નીચે આપેલ ગદ્યખંડનું વિવરણ કરો. **14**

આધુનિક સમયમાં સાહિત્યમાં માનવીના આંતરજગતને, એની માનવસૃષ્ટિને આલેખવા તરફનું વલણ વિશેષ જોવા મળે છે. એટલું જ નહીં આધુનિક સાહિત્ય વિચારમાં એ વલણને પ્રતિષ્ઠા પણ મળી છે. આધુનિક મનોવિજ્ઞાનને કારણે એક

નવી દિશા આપણે માટે ખૂલવાથી આમ બનવું સ્વાભાવિક છે. સાથે સાથે સામાજિક વિષયોને હલકા, તુચ્છ, બિનસાહિત્યિક ગણવાનું વલણ પણ કેટલીકવાર જોવા મળે છે. ખ્યાલ એવો છે કે સામાજિક વિષયની કૃતિ દસ્તાવેજી બની જવાનું જોખમ છે. પણ એમ તો વ્યક્તિના આંતરજીવનને આલેખતી કૃતિ Case-history બની જવાનું જોખમ હોય છે. સાહિત્યકૃતિ સિદ્ધ થવી જોઈએ એ ગૃહિત કરીને જ આપણે ચાલીએ છીએ. અને એ દૃષ્ટિએ મને લાગે છે કે સામાજિક વિષય જરાયે ઊતરતો કે બિનસાહિત્યિક વિષય નથી. સામાજિક પરિસ્થિતિની જટિલતા, એ પરિસ્થિતિમાં માનવીઓના વિવિધ પ્રતિભાવો, માનવીય સંબંધોની જાળ, માણસનું સામાજિક વર્તન - આ બધું શક્તિશાળી સાહિત્યકાર હોય તો સાહિત્યની એટલી જ યોગ્ય સામગ્રી બની રહે..... પડકારરૂપ પણ બની રહે. આ પડકાર જતો કરીને વ્યક્તિસંવેદનોના એક વર્તુળમાં બંધાઈ રહેવામાં સાહિત્યસમગ્રને લાભ છે કે હાનિ છે એ વિચારવા જેવું છે.

**- જયંત કોઠારી**

**2** નીચે આપેલ ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો. **14**

ઈન્દ્રિયનિગ્રહપૂર્વકનું આપણને જે નિશ્ચિતપણે સાચું લાગે તે આપણો મત, તેનો પ્રચાર કરવો એ વાજબી ગણાય. પણ આવી જાતનો પ્રચાર કરવાનું ખરું સાધન તો આચાર છે, ઉચ્ચાર નથી. ઉચ્ચાર દ્વારા મતપ્રચાર કરવાનો પ્રયત્ન કરવો એમાં કેવળ મોહ જ છે. આ મોહ આપણામાં ઘણો છે. આપણો મત જો સાચો હોય, તો આપણે તે મુજબ વર્તન કરીએ એટલે તેનો પ્રચાર આપોઆપ થવાનો જ. આપણો સત્ય ઉપર વિશ્વાસ હોવો જોઈએ. સત્યમાં પોતાનો પ્રચાર કરવાની સ્વયંભૂ શક્તિ રહેલી છે..... આચરણ છોડીને બાહ્ય ઉપાયો દ્વારા પ્રચાર કરવાનો પ્રયત્ન કરવો વૃથા છે. તેનું કંઈ જ પરિણામ આવી શકતું નથી. તેથી હિંસા વધે છે અને અસત્યનો પ્રચાર થાય છે. પ્રચારને પણ મર્યાદા છે. સૂર્યની પ્રચારશક્તિ કેટલી જબરદસ્ત છે! છતાં તે પણ મર્યાદા સાચવીને કામ કરે છે. તેથી કરીને તે આખી દુનિયાનો 'મિત્ર' રહીને પ્રચાર કરી શકે છે. કોઈ માણસ બારણું વાસીને સૂતો હોય તો સૂર્ય તેની સેવા કરવા તેને બારણે જઈને ઊભો રહે છે પણ બારણાને ધક્કો મારી અંદર દાખલ થતો નથી. માત્ર જરાક બારણું ખૂલ્યું કે આખો ને આખો તે અંદર દાખલ થયો જ જાણવો. પ્રચારની આ મર્યાદા છે. આપણો મત સાચો હોય તોય તેનો પ્રચાર સ્વાભાવિકપણે જ થવો જોઈએ. મૂક આચરણ એટલે સ્વાભાવિક પ્રચાર.

**- વિનોબા ભાવે**

**અથવા**

2 નીચે આપેલ ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો. **14**

માનવને વધારે સંસ્કારી, વધારે સુંદર, વધારે શક્તિશાળી બનાવવા માટે ધર્મ છે. એટલે જ્યાં ધર્મ પાળતા માનવને અન્યાય થતો હોય, ત્યાં ધર્મને સાધનરૂપ માની પુનર્યોજના કરવી ઘટે. સઘળા ધર્મો માનવધર્મ શીખવા માટે છે. માનવ પ્રત્યે તિરસ્કાર ઉત્પન્ન કરાવે, જુદાઈ શિખવાડે, માનવને હલકો ગણતાં શિખવાડે, એ સઘળી વાતો ધર્મની ન હોઈ શકે. મનુષ્ય ધર્મ પાળે છે તે પોતાની જાત ઊંચી ઠરાવવા માટે નહિ, ખરેખર ઊંચી બનાવવા માટે. અને એવી ઉત્કૃષ્ટ મનોદશા પ્રાપ્ત કરવા માટે એનો જે ધ્યેયમંત્ર હોઈ શકે તે તો એટલો જ હોય : 'હું માનવ છું : માનવધર્મ સમજું અને માનવ માટે જીવું.' કારણ કે, સઘળા ધર્મો મહાન છે પણ માનવધર્મ એથી વધારે મહાન છે. જેમ સાચી મહત્તા સાદી હોય છે તેમ આ મહાન માનવધર્મ પણ સાદો છે. એને તમે એક જ વાક્યમાં મૂકી શકો. જે તમને ન ગમે, તે કોઈને ન ગમે. અવેડાનું પાણી જો તમે ન પી શકો તો બીજો કોઈ માનવી ન પી શકે. માંદગીમાં કોઈ સહાય કરે એવું જો તમે ઈચ્છો તો બીજા પણ એ જ ઈચ્છે. આટલો સાદો માનવધર્મ જો મનુષ્ય સમજી લે અને પોતાનાં સાધનો એ માનવધર્મ વધારવા માટે છે એટલું જાણી લે, તો પછી એને ધર્મ વિશેનું જ્ઞાન એમાંથી જ મળી રહેશે.

- **ધૂમકેતુ**

3 નીચેનાં વાક્યોમાં યોગ્ય વિરામચિહ્નો મૂકી ફરીથી લખો. **14**

(1) મોરના ટહુકા એક પારધીએ સાંભળ્યા

(2) કરણ તું ત્યાં જ રહે

(3) તમને લાડુ ભાવે કે ગુલાબજાંબુ

(4) શાબાશ તમે ખૂબ સરસ રમ્યા

(5) ભોજન પૂરું થયું આવનારા ગયા

(6) પુનિત તારા અક્ષર સુંદર છે

(7) અશોક મહાન રાજા હતો

**અથવા**

3 જોડાક્ષર એટલે શું? તે સમજાવી, દંડલોપ દર્શાવી લખાતા જોડાક્ષર અને વ્યંજન બેવડાવી બોલાતા - લખાતા જોડાક્ષર ઉદાહરણ સહિત સમજાવો. **14**

4 નીચે આપેલા રૂઢિપ્રયોગના અર્થ સમજાવો. **14**

(1) આકાશ-પાતાળ એક કરવાં.

(2) કાનની બૂટ પકડવી.

(3) કાગનો વાઘ કરવો.

(4) દૂધમાંથી પોરા કાઢવા.

(5) મન ખાટું થવું.

(6) લીલી સૂકી જોવી.

(7) લોઢાના ચણા ચાવવા.

**અથવા**

4 નીચે આપેલ કહેવતોના અર્થ આપો. **14**

(1) અક્કરમીનો પડિયો કાણો.

(2) આપ ભલા તો જગ ભલા.

(3) એક પંથ ને દો કાજ.

(4) કાંકરે કાંકરે પાળ બંધાય.

(5) ખાડો ખોદે તે પડે.

(6) ઘર ફૂટ્યે ઘર જાય.

(7) ઘરડાં ગાડાં વાળે.

5 નીચેના 4 પૈકી કોઈ પણ 2 પ્રશ્નોના જવાબ આપો. **14**

(1) બહુવ્રીહિ સમાસ સમજાવી તેના પાંચ ઉદાહરણો આપો.

(2) અવ્યયીભાવ સમાસ સમજાવી તેના પાંચ ઉદાહરણો સમજાવો.

(3) ઉપપદ સમાસ સમજાવી તેના પાંચ ઉદાહરણો આપો.

(4) તત્પુરુષ સમાસ સમજાવી તેના પાંચ ઉદાહરણો સમજાવો.